પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૪ | ૧૪ ડિસેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; માગસર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે બીજા તબક્કા માટે મતદાન

**ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો પર આજે ખરાખરીના જંગ માટે મતદાન યોજાશે : ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ : ૮૫૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા મતદારો ઉત્સાહિત : ૧૮થી ૨૬ વર્ષની વયના ૩૭.૩૭ લાખ મતદારો**

અમદાવાદ,તા. ૧૩ ગુજરાતવિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ ચરણના મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આવતીકાલે ગુરૂવારે મતદાન થશે. મતદાનને લઈને તમામ જગ્યાએ અભૂતપૂર્વ ઉત્સાહ મતદારોમાં દેખાઈ રહ્યો છે. તમામની નજર હવે ૨૧ શહેરી ભાજપ ગઢ પર કેન્દ્રિત થઈ ગઈ છે. આ ૨૧ શહેરી ગઢમાં અમદાવાદ શહેરમાં ૧૬ અને વડોદરા શહેરમાં પાંચ સીટોનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં મધ્ય અને ઉત્તર ગુજરાતની સીટોનો સમાવેશ થાય છે. કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યા બાદ તમામ પાર્ટી ભારે ઉત્તેજનામાં છે. કુલ ૯૩ સીટ પર મતદાન થનાર છે. જેમાં ૨.૨૨ કરોડ મતદારો છે. આ મતદારોમાં ૧.૧૫ કરોડ પુરૂષો અને ૧.૦૭ કરોડ મહિલા મતદારો છે. ૨૫૫૫૮ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. મતદારોની વાત કરવામાં આવે તો ૩૭.૩૭ લાખ મતદારોની વય ૧૮તી ૨૬ વર્ષની વચ્ચેની છે. બાવન પાર્ટીના ઉમેદવારો બીજા તબક્કામાં ભાગ્ય અજમાવી રહ્યા છે. ભાજપે ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ લિમખેડા સૌથી નાની સીટ છે. જેમાં ૧.૮૭ લાખ મતદારો છે. આવી જ રીતે ઘાટલોડિયા સૌથી મોટી સીટ છે. જેમાં ૩.૫૨ લાખ મતદારો છે. બીજા તબક્કામાં અનેક મહારથીના ભાવિનો ફેંસલો થનાર છે. ગઈકાલે મંગળવારના દિવસે સાજે પાંચ વાગે બીજા તબક્કા માટે હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. છેલ્લી ઘડી સુધી મતદારોને પોતાની તરફેણમાં કરવા માટે ભાજપ અને કોંગ્રેસના તમામ ઉમેદવારોએ પુરતી તાકાત લગાવી હતી. છેલ્લા દિવસે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાહુલ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રીવરફ્રન્ટ પરથી સી પ્લેન મારફતે ધરોઈ પહોંચીને વિકાસની સાબિતી આપી હતી. જ્યારે બીજી બાજુ રાહુલ ગાંધીએ અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા.





પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતાઓ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જેમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતા ઓછુ એટલે કે ૬૬.૭૫ ટકા મતદાન થયા બાદ બીજા તબક્કામાં મતદાનની ટકાવારી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

**રાજ્યમાં બીજા તબક્કામાં મતદારો...**

| વય | પુરુષ | મહિલા | કુલ મતદાર |
|---|---|---|---|
| ૧૮-૨૫ | ૨૧.૨૦લાખ | ૧૬.૧૬ લાખ | ૩૭.૩૭લાખ |
| ૨૬-૪૦ | ૪૧.૯૯ લાખ | ૩૭.૯૧ લાખ | ૮૦.૯૧ લાખ |
| ૪૧-૬૦ | ૩૭.૮૦લાખ | ૩૬.૩૪ લાખ | ૭૪.૧૫લાખ |
| ૬૦થી ઉપર | ૧૪.૪૬ લાખ | ૧૬.૦૫લાખ | ૩૦.૫૧ લાખ |
| કુલ મતદારો | ૧.૧૫ કરોડ | ૧.૦૭ કરોડ | ૨.૨૨ કરોડ |




